GOVERNMENT OF GUJARAT
LUKHDHIRJI ENGINEERING COLLEGE-MORBI-363642
(DEGREE-COURSE)
(Approved by AICTE & Affiliated to Gujarat Technological University)
Ph. (O) (02822) 240743 (P) (02822) 240645 Fax:240645
URL:www.lecm.cteguj.in e-mail: lec-morbi-dte@gujarat.gov.in

No: LEC/SCHO./2026-27/PH-1 તા. 21/09/2026

# NOTICE

## SCHOLARSHIP 2026-27 (PHASE-1)

[Only for Sem-3 (Regular), Sem-5 & Sem-7]

ફક્ત **Sem-3 (Regular), Sem-5 & Sem-7** નાં શિષ્યવૃત્તિ મેળવવા માટે લાયક હોય તેવા વિદ્યાર્થીઓએ **તા. 30/09/2026** સુધીમાં લાગુ પડતા પોર્ટલ (Digital Gujarat, NSP, GUEEDC, Shramyogi etc) પર ઓનલાઈન અરજી કરવાની છે. તેમજ **સંસ્થાની વેબસાઈટ** (https://www.lecollege.ac.in/scholarship-apply) **પર અરજી કરેલ શિષ્યવૃત્તિની વિગતો ભરવાની** રહેશે. ત્યાર બાદ **અરજીનું ફોર્મ બધા ડોક્યુમેન્ટ સાથે જે તે વિભાગના શિષ્યવૃતિ Incharge** પાસે **તા. 22/09/2026 થી તા. 03/10/2026** દરમિયાન **કોલેજમાં અચૂક જમા કરાવવું; ત્યાર બાદ ફોર્મ સ્વીકારવામાં આવશે નહિ તેની નોંધ લેશો.** કોઈપણ વિદ્યાર્થીએ ફોર્મ અને ડોક્યુમેન્ટ કુરિઅર/પોસ્ટ કરવા નહિ. **અન્યથા** ફોર્મ રદ કરવામા આવશે.

**ઓનલાઈન ડેટા ચીવટ રાખીને ભરવો. ખોટી વિગત ભરવી નહિ. નીચે જણાવેલ બધા ડોક્યુમેન્ટ, ધો. ૧૦ અને ૧૦ પછીની બધી માર્કશીટ (ધો. ૧૨ અથવા ડિપ્લોમાની છેલ્લા સેમેસ્ટરની તથા ડીગ્રી ઈજનેરીની દરેક સેમેસ્ટરની) તથા Circular માં જણાવેલ ફી ડીટેઇલ, સ્કીમ સિલેકશન, ટર્મની તારીખ વગેરે માહિતી લઈને બેસવું.**

ડિગ્રીના વિદ્યાર્થીઓ માટે Institute Districtમાં "Morbi" પસંદ કરી "Lukhdhirji Engineering College, Morbi (031)" પસંદ કરી અભ્યાસક્રમનું વર્ષ પસંદ કરી બ્રાંચ પસંદ કરવી (**બ્રાંચ પસંદ નહિ કરેલ હોય તો ફોર્મ રદ કરવામાં આવશે**). શિષ્યવૃત્તિ માટે ફોર્મ ભરતી વખતે નીચેની સૂચનાનું પાલન અવશ્ય કરવું.

- <u>શિષ્યવૃત્તિ ફોર્મ ભરવાની સૂચનાઓ</u>
  1. **કોઈપણ પ્રકારની શિષ્યવૃતિ મેળવવા માટે વિધ્યાર્થીએ E-KYC કરવું ફરજિયાત છે. તો "My Ration" App પર જઈને E-KYC કરી લેવું. જો ન થાય તો પુરવઠા વિભાગમાં જઈને કરાવવું.**
  2. આધાર કાર્ડ વિના શિષ્યવૃત્તિ માટે અરજી કરી શકાશે નહીં. અરજીમાં વિદ્યાર્થીનું **નામ, Gender અને જન્મતારીખ** આધાર કાર્ડ મુજબ જ દાખલ કરવું. આધાર કાર્ડમાં ભૂલ હોય તો પહેલાં સુધારણા કરાવી પછી અરજી કરવી.
  3. રાજ્ય સરકાર અથવા કેન્દ્ર સરકારના **એકથી વધુ શિષ્યવૃત્તિ પોર્ટલ** (Digital Gujarat, NSP, GUEEDC, Shramyogi વગેરે) પર ઉપલબ્ધ શિષ્યવૃત્તિ માટે એકસાથે અરજી કરવી **નિયમવિરુદ્ધ** છે.
  4. **ફોર્મ વિદ્યાર્થીએ જાતે જ ભરવું.** સાયબર કાફે અથવા અન્ય કોઈ વ્યક્તિ પાસેથી ફોર્મ ભરાવવું નહીં, કારણ કે તેનાથી માહિતીમાં ભૂલ થવાની શક્યતા વધુ રહે છે.
  5. શિષ્યવૃત્તિ મેળવવા માટે અગાઉના શૈક્ષણિક વર્ષની **ઓછામાં ઓછી 75% હાજરી** હોવી આવશ્યક છે. **અન્યથા** વિદ્યાર્થી શિષ્યવૃત્તિ માટે પાત્ર રહેશે નહીં.
  6. દરેક વિદ્યાર્થી પાસે Digital Gujarat પોર્ટલનું પોતાનું **User ID અને Password** હોવું જોઈએ. જો ન હોય તો પોતાના E-mail ID અને મોબાઇલ નંબરની મદદથી નવું એકાઉન્ટ બનાવવું. User ID અને Password ગુપ્ત રાખવા.
  7. Digital Gujarat પર **એક જ વખત User ID** બનાવવું. અગાઉ ટેબ્લેટ સહાય અથવા અન્ય યોજનાઓ માટે બનાવેલ User ID હોય તો નવું બનાવવું નહીં.
  8. અગાઉના વર્ષે શિષ્યવૃત્તિ મેળવનાર વિદ્યાર્થીઓએ **Renewal** હેઠળ અરજી કરવી અને Term Date, Fee Detail તથા જરૂરી ડોક્યુમેન્ટ્સ અપડેટ કરવા.

9. ઓનલાઈન ફોર્મમાં **Enrolment Number, Semester** અને **Branch** ફરજિયાત દાખલ કરવા. અન્યથા અરજી રદ કરવામાં આવશે. શિષ્યવૃત્તિ ફોર્મની હાર્ડકોપીનાં પ્રથમ પેઈજ પર પણ **Enrolment No., Semester** અને **Branch** અવશ્ય લખવા.
10. **Close** અથવા **Withdraw** બટન પર ક્લિક કરવું નહીં. આમ કરવાથી અરજી રદ થઈ જશે.
11. શૈક્ષણિક વિગતો સંપૂર્ણ અને સાચી રીતે ભરવી. તેમાં ધોરણ 10, ધોરણ 12/ડિપ્લોમા તથા ડિગ્રીના દરેક સેમેસ્ટરની માહિતી સમાવવી.
12. ઓનલાઈન ફોર્મ સબમિટ કર્યા બાદ **તેની પ્રિન્ટ કાઢી, લાગુ પડતા તમામ ડોક્યુમેન્ટ્સ સાથે અરજી** રૂબરૂ સંબંધિત વિભાગમાં જમા કરાવવી. **હાર્ડ કૉપી મળ્યા પછી જ કોલેજ અરજી ફોરવર્ડ કરશે.**
13. **સાધન સહાય** માટે અપલોડ કરેલા બિલમાં દુકાનદારનો **Printed GST Number** ફરજિયાત હોવો જોઈએ. માત્ર સિક્કો માન્ય રહેશે નહીં. **GST** નંબર વગરનું બિલ અમાન્ય ગણાશે.
14. **સાધન સહાય માટે અરજી ફક્ત પ્રથમ વર્ષના વિદ્યાર્થીઓ** જ કરી શકશે. જેમાં **ફક્ત ઇજનેરી અભ્યાસ માટે ઉપયોગી સાધનો** જ માન્ય છે; પુસ્તકો, નોટબુક, ફાઇલ, ફાઇલ પેજ તથા અન્ય સ્ટેશનરીનો સમાવેશ થતો નથી.
15. કેટેગરી તથા આવકનું પ્રમાણપત્ર **ફક્ત સક્ષમ અધિકારી** (મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી–TDO, ચીફ ઓફિસર અથવા તલાટી) દ્વારા જારી કરેલું માન્ય ગણાશે. અન્યથા અરજી **Reject** થશે.
16. આવકનું પ્રમાણપત્ર, જાતિનું પ્રમાણપત્ર વગેરે **ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ** ચકાસણી સમયે રજૂ કરવાના રહેશે. ઓરિજિનલ રજૂ ન કરી શકનાર વિદ્યાર્થીનું ફોર્મ રદ કરવામાં આવશે.
17. એક જ પિતાના વધુમાં વધુ **બે બાળકો** શિષ્યવૃત્તિ માટે પાત્ર ગણાશે.
18. હોસ્ટેલમાં **PG તરીકે રહેતા વિદ્યાર્થીઓએ Day Scholar (Desk Scholar) તરીકે** જ અરજી કરવી.
19. ભોજન બિલ સહાય **ફક્ત કોલેજ હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ** માટે જ છે. ખાનગી હોસ્ટેલ, PG અથવા કુમાર છાત્રાલયમાં રહેતા વિદ્યાર્થીઓ આ સહાય માટે પાત્ર નથી.
20. ભોજન બિલ સહાય માટે અરજી કરતી વખતે મેસ સેક્રેટરી અને મેસ સંચાલકની **સહી તથા સિક્કા સાથેનું ભોજન બિલ** રજૂ કરવું ફરજિયાત છે.
21. **વિદ્યાર્થીના પોતાના નામે** બેંક ખાતું હોવું ફરજિયાત છે. પિતા, માતા અથવા ભાઈના નામે રહેલું બેંક ખાતું માન્ય રહેશે નહીં. પોર્ટલમાં **આધાર સાથે લિંક થયેલ** વિદ્યાર્થીના પોતાના બેંક ખાતાની જ વિગતો દાખલ કરવી.
22. જે વિદ્યાર્થીઓનું બેંક ખાતું 18 વર્ષથી પહેલાં **Minor Account** તરીકે ખૂલેલું હોય, તેમણે 18 વર્ષ પૂર્ણ થતાં જ તેને **Major Account**માં રૂપાંતરિત કરાવવું. અન્યથા શિષ્યવૃત્તિની રકમ ખાતામાં જમા નહીં થઈ શકે.
23. બેંક મર્જર અથવા અન્ય કોઈ **કારણસર Account Number અથવા IFSC Code** બદલાયેલ હોય, તો બેંકમાંથી નવી વિગતો મેળવી પોર્ટલ પર અપડેટ કરવી તથા **નવી પાસબુકની નકલ** રજૂ કરવી.
24. બેંક ખાતાની **ખોટી અથવા અદ્યતન ન હોય** તેવી વિગતો દાખલ કરવાને કારણે શિષ્યવૃત્તિની રકમ જમા ન થાય તો તેની સંપૂર્ણ જવાબદારી વિદ્યાર્થીની રહેશે.
25. નીચે જણાવેલ લાગુ પડતા **તમામ જરૂરી ડોક્યુમેન્ટ્સ** ફરજિયાત અપલોડ કરવા. ફક્ત ફરજિયાત ડોક્યુમેન્ટ્સ અપલોડ કરીને અન્ય જરૂરી ડોક્યુમેન્ટ્સ અપલોડ ન કરેલ હોય તો શિષ્યવૃત્તિ અરજી રદ **(Reject)** કરવામાં આવશે.

- **સાથે જોડવાના (જણાવેલ ક્રમમાં જ જોડવા) તથા સ્કેન કરી upload કરવાના ડોક્યુમેન્ટ** (Upload કરવાનું ફાઈલ ફોર્મેટ **.JPEG** હોવું જોઈએ તથા **200 KB** કરતા નાની સાઈઝ હોવી જોઈએ)

1. કેટેગરી પ્રમાણપત્ર ની નકલ. **(દરેકને ફરજિયાત)**
2. કોલેજ ફી રીસીપ્ટ ની નકલ (Fee receipt) **(દરેકને ફરજિયાત)**
3. છેલ્લા બે સેમેસ્ટરની માર્કસીટ (પ્રથમ વર્ષ માટે ૧૨th અને D2D માટે છેલ્લા સેમેસ્ટરની માર્કશીટ). (દરેકને ફરજિયાત)
4. બોનાફાઈડ પ્રમાણપત્ર. **(દરેકને ફરજિયાત)**
5. દરેક મહિનાની ફૂડબીલની રીસીપ્ટ (ફક્ત કોલેજની હોસ્ટેલમાં રહેતા વિદ્યાર્થીઓ) (ફરજિયાત ફૂડબીલ માટે જ)
6. ખરીદેલ સાધનોનું બીલ. (સાધનોના બીલમાં દુકાનદારનો GST નંબર (પ્રિન્ટેડ) હોવો જોઈએ સિક્કો નહિ ચાલે. જો આ નંબર નહિ હોય તો ફોર્મ માન્ય રાખવામાં નહિ આવે) (ફરજિયાત સાધન સહાય માટે જ)

7. આધાર કાર્ડ તેમજ કોલેજ ઓળખ કાર્ડ (College ID Card) **(દરેકને ફરજિયાત)**
8. બેંક પાસબુકની નકલ અથવા કેન્સલ કરેલ ચેક. **(દરેકને ફરજિયાત)**
9. વોર્ડનની સહી તથા સિક્કા વાળું હોસ્ટેલ સર્ટીફીકેટ. **(ફરજિયાત જો હોસ્ટેલર હોય તો શિષ્યવૃત્તિ તથા ફૂડબીલ માટે)**
10. આવકનું પ્રમાણપત્ર (જો ત્રણ વર્ષ માટે માન્ય તેમ દર્શાવેલ (લખેલ) હોય તો (તા. 1/4/2024 પછી), જો ત્રણ વર્ષની વિગત લખેલ ન હોય તો (તા. 1/4/2026 પછી) કાઢવામાં આવેલ હોવું જોઈએ **(દરેકને ફરજિયાત)**

## Fee Detail and Term Date

જણાવેલ ફી/ **Term Date** ની એક વર્ષ ની છે તેથી આ ફી/ **Term Date** માં કોઈજ સુધારો કરવો નહિ

| | YEAR STUDYING | | 1ST YEAR | 2ND YEAR | 3RD YEAR | 4TH YEAR | ME 1st Year | ME 2nd Year |
|---|---|---|---|---|---|---|---|---|
| **Fee Detail** | TUTION FEE (Boys – Non TFWS) | | 1500 | 1500 | 1500 | 1500 | 1500 | 1500 |
| | TUTION FEE (Boys - TFWS) | | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | TUTION FEE (Girls – ALL) | | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | ADMISSION FEE | | 0 | 0 | 0 | 0 | 0 | 0 |
| | MISCELENEOUS FEE | | 835 | 785 | 805 | 815 | 3750 | 3700 |
| | EXAM FEE + GTU AFFILIATION FEE (Approx.) | Civil | 2000 | 2200 | 2200 | 1750 | 2000 | 2000 |
| | | Mechanical | 2000 | 2200 | 2200 | 1750 | | |
| | | Electrical | 2000 | 2200 | 2200 | 1750 | | |
| | | Chemical | 2000 | 2200 | 2200 | 1750 | | |
| | | IT | 2000 | 2200 | 2200 | 1750 | | |
| **Term Date (Scholarship)** | Term Start Date | | 01-07-2026 | 30-07-2026 | 17-06-2026 | 03-07-2026 | 27-07-2026 | 06-07-2026 |
| | Term End Date | | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 |
| **Term Date (Foodbill)** | Start Date (Refer Note) | | Refer Note | 30-07-2026 | 17-06-2026 | 03-07-2026 | Refer Note | 06-07-2026 |
| | End Date (for Sem 1,3,5) | | 30-05-2027 | 30-05-2027 | 30-05-2027 | NA | 30-05-2027 | 30-05-2027 |
| | End Date (for Sem 7) | | NA | NA | NA | 14-10-2026 | NA | NA |

**Note: - જો હોસ્ટેલ એડમિશન Academic Year 2026-27 (નવું હોસ્ટેલ એડમિશન) માં થયેલ હોય તો Food bill Term Start Date મા હોસ્ટેલ એડમિશન Date નાખવી**

## Scholarship Coordinators

| Name of Faculty | Role | Location |
|---|---|---|
| Prof. B. B. Kariya | Department Coordinator (**Chemical**) | A-202 |
| Prof. S. A. Patel | Department Coordinator (**Civil**) | L-103 |
| Prof. B. R. Kanzariya | Department Coordinator (**Applied**) | H-002 |
| Prof. P. H. Chauhan | Department Coordinator (**Electrical**) | A-303 |
| Prof. R. R. Keshwala | Department Coordinator (**IT**) | C-108 |
| Dr. J. M. Pujara | Department Coordinator (**Mechanical**) | E-012 |
| Dr. D. P. Pipalava | Institute Coordinator | A-311 |

આચાર્ય
એલ. ઈ. કોલેજ મોરબી

આચાર્ય,
એલ. ઇ. કોલેજ,
મોરબી.

SCHOLARSHIP SCHEME DIGITAL GUJARAT 2026-27 (JUST FOR REFERENCE)
(FOR MORE DETAILS REFER TO DIGITAL GUJARAT WEBSITE)

| CATEGORY | SCHEME NAME | INCOME LIMIT | BOY OR GIRL | INFORMATION |
|---|---|---|---|---|
| S.T | Umbrella Scheme for Education of ST Students Post-Matric Scholarships (VKY-6.1) | Rs. 2. 50 Lacs | BOTH | Education and maintainance charge |
| | Post-Matric Scholarship For girls(Having annual family income more than 2.50 Lac) | No limitation | Only Girls | Education and maintainance charge |
| | Food Bill Assistance to ST students | Rs. 4. 50 Lacs | BOTH | Rs. 15,000 (For the students who are staying in college attached hostel only) |
| | Financial Assistance to Purchase of Instruments and other Stationary for Medical and Engineering Students (VKY-7) | Rs. 2. 50 Lacs | BOTH | Rs. 10,000/- (For First year student who have purchased stationary items and having G.S.T bill of stationary of rs. 10,000) |
| S.E.B.C<br>O. B.C<br>E. B.C<br>D. N.T | PM YASASVI<br>(O. B.C & E. B.C & D. N.T) | Rs. 2. 50 Lacs | BOTH | Education and maintainance charge (10,000 + Tuition fee) |
| | BCK 78 (Rs. 2.50 Lacs થી આવક વધુ હોય અને **PMYASASVI** લાગુ ના પડતી હોય તેમના માટે જ) | Rs.2.50 Lacs to Rs. 6 Lacs | BOYS | Rs. 5000 for Hosteller , Rs. 2000 for Day Scholar |
| | Food Bill Assistance (BCK – 79) (સા. શૈ.પ. વ.) | Rs. 6 Lacs | BOTH | Rs. 15,000 (For the students who are staying in college attached hostel only) |
| | Food Bill Assistance (D. N.T - 2) (વિચારતી વિમુક્ત જાતી) | Rs. 6 Lacs | BOTH | Rs. 15,000 (For the students who are staying in college attached hostel only) |
| | BCK 80 (Financial Assistance to Purchase of Instruments and other Stationary for Medical and Engineering Students) | Rs. 6 Lacs | BOTH | Rs. 10,000/- (For First year student who have purchased stationary items and having G.S.T bill of stationary of rs. 10,000) |
| S.C | Post Matric Scholarship for SC Students (GOI) (BCK-6.1) | Rs. 2. 50 Lacs | Both | Education and maintainance charge |
| | Instrumental Help to SC Students (Medical, Engineering, Diploma Students Only) (BCK-12) | Rs. 6 Lacs | BOTH | Rs. 10,000/- (For First year student who have purchased stationary items and having G.S.T bill of stationary of rs. 10,000) |
| | Foodbill Assistance to SC students (BCK-10) | Rs. 6 Lacs | BOTH | Rs. 15,000 (For the students who are staying in college attached hostel only) |
| | Post Matric Scholarship for SC Girls Students Only (Having annual Family Income Between 2.50 to 6.00 Lac) (State Government Scheme) (BCK-5) | More than Rs. 2.50 lacs | Only Girls | Education and maintainance charge |
| OPEN | Foodbill Assistance for Non Government Hostel | Refer Website | BOTH | Apply on GUEEDC Website |